ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૮ ટકા

# શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતર્ગત સેક્ટર-૧૪ ખાતે ભવ્ય યાત્રાનું આયોજન



ગાંધીનગર, તા.૭

શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ અંતર્ગત દેશ સહિત વિશ્વભરમાં કરોડો સ્થાનો ઉપર નિધિ સમર્પણ અભિયાનની શરૂઆત થયેલ છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર સેક્ટર-૧૪ ખાતે ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ તેમજ જાગૃત વસાહત ફોરમ દ્વારા ભવ્ય યાત્રાનું આજ રોજ તા. ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૧ને રવિવારે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય યાત્રાનું આયોજન કેપિટલ ક્રાંતિના તંત્રી પાર્થ ઠક્કર તેમજ ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝના રાજીવ ગુપ્તાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

નિધિ સમર્પણ અભિયાન યાત્રા ની શરૂઆત મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની સ્તુતિ દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ યાત્રાને સેક્ટર-૧૪ના વિવિધ વિસ્તારોમાં સતત રામધૂન, શ્રીરામજીના જયકાર તેમજ નિધિ સમર્પણ અભિયાનમાં સહયોગની અપીલ કરવામાં આવી. શ્રીરામ મંદિરના નિર્માણમાં નાનામાં નાના લોકોનું યોગદાન, એક ઈંટનું પણ યોગદાન દરેક પરિવારમાંથી આપવામાં આવે તેવી આશા સાથે આ યાત્રા સમગ્ર સેક્ટરમાં ફરેલ અને સૌને અપીલ કરીને નિધિ સમર્પણ અભિયાન એકત્ર કરેલ. હજુ પણ જેમને નિધિ સમર્પણ અભિયાનમાં યોગદાન કરવું હોય તો ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝનો સંપર્ક કરવાનો રહેશે.

આ યાત્રામાં સે. ૧૪ અગ્રણી મહેન્દ્રભાઈ ચૌહાણ, ઉષાબેન ચૌહાણ, નિમેશ ચૌહાણ, પ્રવિણભાઈ રામી, વિનોદભાઈ વાઘેલા, બલવંતસિંહ, કાન્તીભાઈ પટેલ, વિમળાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા બજરંગદળ પ્રમુખ શક્તિસિંહ ઝાલા સહિત અનેક કાર્યકરો સહિત સેક્ટર-૧૪ના અગ્રણીઓ, સામાજીક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન તેમજ નિધિ સમર્પણ અભિયાન યાત્રામાં સતત અપીલ, શ્રીરામના જયઘોષની જવાબદારી યુવા નેતા વિનોદભાઈ ઉદેચા દ્વારા નિભાવવામાં આવી હતી.

ઉપસ્થિત સૌનો અને કાર્યક્રમને સફળ બનાવવા બદલ ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝના રાજીવભાઈ ગુપ્તાએ આભાર વ્યક્ત કર્યો હતો.



શહેર કોરોનાનો ડર ઓછો થવાને કારણે ફરી ધમધમતું થયું છે ત્યારે શહેરના મંદિરોમાં પણ ભકતોની ભીડ જામી છે. શહેરના સે-૨૦ સ્થિત અક્ષરધામ મંદિરમાં રવિવારની રજાના દિવસે ભકતોની ભીડ જણાઈ હતી.

# ફેસબુક પર લોન આપવાની જાહેરાત થકી છેતરપિંડીનો પ્રયાસ

## રાયસણના એક નાગરિકે રૂ.૨ હજાર ગુમાવ્યાં : સમયસર ખબર પડી જતાં વધુ છેતરપિંડીથી બચ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં દિવસેને દિવસે ઓનલાઈન ફ્રોડના કિસ્સા વધતા જઈ રહ્યા છે અને અઢળક નાગરીકો તેનો ભોગ બનનાર બંને પોતાની પરસેવાની કમાણીના નાણાં ગુમાવી રહ્યાં છે. ઓનલાઈન છેતરપિંડી આચરતા લેભાગુ તત્ત્વો નીતનવી તરકીબોનો ઉપયોગ કરીને નાગરિકોને ભોગ બનાવી રહ્યાં છે. તાજેતરમાં ન્યુ ગાંધીનગર રાયસણ વિસ્તારમાં રહેતા એક નાગરિક ફેસબુક પર લોન આપવાની જાહેરાતની ભ્રામક માયાજાળમાં ફસાઈને ઓનલાઈન ફ્રોડનો ભોગ બન્યાં છે.

ઘટનાની વિગત રાયસણ ખાતે રહેતા એક નાગરિકને આર્થિક ભીડ હોવાથી નાણાંની જરૂર હતી એની તેમને બેંકમાંથી લોન મેળવવી મુશ્કેલ હતી જેથી તેમણે ખાનગી ફાયનાન્સ કંપનીમાંથી લોન લેવાનું વિચાર્યુ હતું. આ દરમિયાન તેમને ફેસબુક ઉપર એક જાણીતી ફાયનાન્સ કંપનીના નામથી ઓનલાઈન પર્સનલ લોન આપવાની જાહેરાત જોઈ તેમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ફોન રિસીવ કરનાર વ્યક્તિએ તેમને પહેલા આધાર કાર્ડ, પાન કાર્ડ જેવા દસ્તાવેજો મોકલવા કહ્યું હતું જેમાં લોનની રકમ જમા લેવાની હોય તે બેંકની વિગત માંગી હતી જે આપ્યાં બાદ તેણે રૂપિયા બે લાખની લોન મળી જશે તેવો વિશ્વાસ આપી ફાઈલ ચાર્જ પેટે રૂ.૨ હજાર તેણે આપેલા બેંક ખાતામાં ભરવા જણાવ્યું હતું જે પેલા નાગરિકે મોબાઈલ પેમેન્ટ એપ થકી ચુકવ્યાં હતા. આ પછી બીજા દિવસે તેમને એક મેસેજ મળ્યો હતો જેમાં લોનની રકમ તેમના ખાતામાં જમા થઈ ગઈ છે પરંતુ ટીડીએસ પેટે રૂ.૯૫૦૦ જમા કરાવશો ત્યારે ઉપાડી શકાશે તેવી સૂચના હતી. પેલા નાગરિકે જણાવ્યું કે તમે લોનની રકમમાંથી ટીડીએસ કાપીને બાકીની રકમ જમા આપો તો તે માટે પેલી વ્યક્તિએ ના પાડતાં લોન લેનારને શંકા ગઈ હતી. આ પછી તેણે પોતાની બેંકમાં તપાસ કરી તો ખબર પડી કે આવી કોઈ રકમ જમા થઈ નથી કે તે રીતે કોઈ લોન મળતી નથી. આથી પેલા નાગરિકને પોતે છેતરાઈ રહ્યાં હોવાનો અહેસાસ થયો હતો અને તેઓ પરંતુ આ કિસ્સામાં તમને સમયસર છેતરપિંડી થઈ રહી હોવાનો ખ્યાલ આવી જતાં વધુ નાંણા ગુમાવવામાંથી બચી શક્યાં છે.



જીમખાના સેકટર -૨૧ ગાંધીનગર અને જીલ્લા એન.સી.ડી.,જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ દ્વારા ડાયાબિટીસ અને બી.પી. નો ફ્રી કેમ્પ તા. ૭ ફેબ્રુઆરીએ સવારે ૬.૦૦ કલાકે યોજાયો હતો. જેમાં લાભાર્થીઓ તથા ઉત્સાહભેર નાગરિકોએ ભાગ લીધો હતો. જેમાં યોગ અને વિજ્ઞાનના સમવય ગુજરાત યોગ બોર્ડના ટ્રેનર ઈન્દ્રવીરસિહ ઝાલા અને મહિલા પાંખના અધ્યક્ષ અસ્મિતાબેન ચૌધરીએ જીવન જીવવાની જીવન શૈલી ઉપર જીવવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનો દ્વારા શહેરમાં 'રેડ ડૉટ કેમ્પેઈન'નો પ્રારંભ



ગાંધીનગર, તા.૭

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શહેરમાં 'રેડ ડોટ કેમ્પેઈન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કેમ્પેઈનમાં સેનેટરી નેપકીન કે ડાયપરનો ઉપયોગ કર્યા પછી તેના યોગ્ય નિકાલ માટે નિયમિત કચરાથી અલગ રાખવા જરૂરી હોય છે જેથી કેમ્પેઈનમાં સેનેટરી નેપકીન કે ડાયપરના નિકાલ વખતે એક કાગળમાં લપેટીને તેની ઉપર લાલ રંગનો ચાંદલો કે ખાસ ટપકાંનું નિશાન કરવામાં આવે છે.

આ નિશાન ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન કરતાં સફાઈ કર્મચારી હોય કે જાહેર ડસ્ટબીનમાંથી વેસ્ટ કલેકશન થતું હોય ત્યારે તે સફાઈ કર્મચારીને લાલ ટપકું જોઈને ખબર પડી જાય છે. તેને અન્ય ઘન કચરાથી અલગ રાખવાનું છે. આ વપરાયેલ સેનેટરી નેપકીન કે ડાયપરનો સફાઈ તંત્ર દ્વારા અલગ રીતે પ્રક્રિયા કરીને નિયત રીતે તેનો નાશ કરવામાં આવે છે. છેલ્લા ઘણા સમયથી યુવતિઓ અને મહિલાઓમાં સેનેટરી પેડની તેમજ મોટી વયના વડીલોમાં શારિરીક તકલીફમાં ડાયપરના ઉપયોગ અંગે જાગૃતિ વધવા સાથે વપરાશ પણ વધ્યો છે અને તે સાથે તેના નિકાલની સમસ્યા પણ દિન પ્રતિદિન મોટી થતી જઈ રહી છે જે પર્યાવરણ ઉપરાંત જાહેર આરોગ્ય માટે પણ જોખમી બની શકે છે અને આજ કારણથી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનો દ્વારા 'રેડ ડોટ કેમ્પેઈન' એક ઉપયોગી અભિયાન સાબિત કરી બતાવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મંત્રી વિમળાબેન અયાચી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સે-૨૩ ખાતે દુકાન ધરાવતા બે ભાઈઓ વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૭

શહેરના ઘ-૬ થી ગ-૬ તરફ જવાના માર્ગ પર ચાંમુડા તેલઘાણી નામની દુકાન ધરાવતા બે ભાઈઓ વચ્ચે મારામારીની ઘટના બનવા પામી છે. ગ્રાહકને પગલે બે ભાઈઓ વચ્ચે લોખંડની પાઈપો ઉછળી છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૩ અવધ એપાર્ટમેન્ટ ખાતે રહેતા રમેશભાઈ બચુભાઈ મોદી (ઉં.૫૬) એસટી ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. તેમના પિતાના નામે સેકટર-૨૩ ખાતે ચાંમુડા તેલઘાણીની દુકાન આવેલી છે. ગત વર્ષે પિતાના અવસાન બાદ દુકાનના બે ભાગ પાડવામાં આવ્યા છે.જેમાં એક ભાગ ફરીયાદીના ભાગે અને બીજો ભાગ તેમના નાના ભાઈ દિનેશભાઈના ભાગે આવ્યો હતો. રમેશભાઈ નોકરી સમય બાદ દુકાનમાં બેસી રહે છે. ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં એક ગ્રાહક આવતા રમેશભાઈ અને પાસેની દુકાનમાં બેઠેલા દિનેશભાઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા દિનેશભાઈએ દુકાનમાં પડેલી લોખંડની પાઈપ માથાના ભાગે મારતા રમેશભાઈને લોહી નીકળયુ હતું. દિનેશભાઈના દિકરા વિશાલે પણ રમેશભાઈને પણ માર માર્યો હતો. આ સમયે આવેલા તેમના દિકરાને પણ તેઓએ માર માર્યો હતો. આ તરફ વિશાલ દિનેશભાઈ મોદીએ ફરીયાદ નોંધાવી છે કે માથાકુટ બાદ રમેશભાઈએ લોખંડની પાઈપ તેને માથામાં મારી હતી.જેમાં લોહી નીકળવા લાગતા વચ્ચે પડેલા તેના પિતાને પણ રમેશભાઈ અને તેમના દિકરા ધવલે માર માર્યો હતો. સેકટર-૨૧ પોલીસે બન્ને પક્ષની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# સમર્પણ કૉલેજમાં થેલેસેમિયા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના એનએનએસ યુનિટ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી શનિવારે થેલેસેમિયા વિશે ઓનલાઈન અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત સ્ટેટ રેડક્રોસ સોસાયટીના પ્રોગ્રામ ઓફિસર જયેશભાઈ સોલંકીએ પીપીટી દ્વારા વિદ્યાર્થીઓને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને થેલેસેમિયા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપક્રમમાં ગાંધીનગર જિલ્લા રેડક્રોસ ચેરમેન જીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.

# નાગરિકોને 'કેશલેશ' કરતા ઓનલાઈન ફ્રોડ સામે મજબૂત સાયબર સિકયુરિટી કયારે??

## ડિજિટલ ઈન્ડિયામાં વધેલા ઓનલાઈન ટ્રાન્ઝેકશન સામે વધી રહેલા સાયબર ક્રાઈમ : ફિશિંગ ઈમેલ અને મેસેજીસથી છેતરાયેલા પિડીતની ફરિયાદ સમજવામાં સ્થાનિક પોલીસ અસક્ષમ : હાલ તો નાગરિકો પાસે સાવધાની એજ એકમાત્ર શસ્ત્ર




ગાંધીનગર, તા.૭

ભારત ખૂબ ઝડપથી ડિજિટલાઈઝેશન તરફ આગળ વધી રહ્યું છે જે 'આત્મનિર્ભર' બનવાના પ્રયાસને વેગ અને બળ પુરું પાડવાનું કામ પણ કરી રહ્યું છે. દેશના મોટા ભાગના નાગરિકો હવે બેંકમાં ખાતુ ધરાવે છે અને પોતાના નાણાંકીય વ્યવહારો સહિત સરકારી યોજનાના લાભ જે સીધા બેંક ખાતામાં જમા થાય છે તેનો ઉપયોગ સ્માર્ટ ફોન થકી ઈન્ટરનેટ બેંકિંગ કે મોબાઈલ બેકિંગ થકી કરી રહ્યા છે. હવે ફોર-જી અને ફાઈવ-જીના જમાનામાં હાથવગા બનેલા મોબાઈલ ઈન્ટરનેટના માધ્યમનો સદુપયોગ તો સારો એવો થઈ રહ્યો છે પરંતુ તે સાથે સાથે અનેક લેભાગુઓ આ ઈન્ટરનેટની આંટીઘુંટીનો ઉપયોગ કરીને છેતરપિંડી તથા વિશ્વાસઘાત કરીને નાગરિકોના બેંક ખાતામાંથી 'ડિજિટલ તફડંચી' આચરી નાણાંની ઉચાપત કરી રહ્યા છે. જેના કારણે અનેક મધ્યમવર્ગીય અને જરૂરિયાતમંદો ફસાઈ જતાં તેમની આર્થિક સ્થિતિ આત્મઘાત સુધી દોરી જાય તેટલી કફોડી બની રહી છે. વળી, સાયબર સિકયુરિટીના નામે હજુ સુધી ફીફાં ખાડતું પોલીસ તંત્ર પણ આ ગુનાખોરી ડામવામાં વામણું પુરવાર થઈ રહ્યું છે.

અત્યાર સુધી ફોન કોલ કરીને બેંક ખાતા ધારકોને વિવિધ લોભ લાલચ કે કેવાયસી જેવી કાર્યવાહી કરવાના બહાને ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવતી હતી અથવા એટીએમ કાર્ડ કે ડેબિટ કાર્ડના પીન નંબર મેળવી લઈ નાણાંની ઉચાપત કરવામાં આવી હતી. જે સામે આરબીઆઈ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવીને થોડો ઘણો અંકુશ મેળવવામાં આવ્યો છે. જો કે હજુ એ પ્રકારના કિસ્સા સંપૂર્ણ પણે તો અટકયાં જ નથી પરંતુ બીજી તરફ ફિશિંગ ઈમેલ, ફિશિંગ મેસેજીસ વગેરેના ઉપયોગ થકી પણ હવે આ પ્રકારની ગુનાખોરીએ વેગ પકડયો છે. આ પ્રકારની ઓનલાઈન ઉચાપતમાં દિલ્હીના નોઈડાથી માંડીને ઝારખંડના જામકારા ખૂબ ચમકી ચુકયા છે પરંતુ હવે તેનો વ્યાપ અગાઉ કરતા વધુ વિકસ્યો છે. રાજયમાં સાયબર ક્રાઈમનો આંક ૯૦ ટકા સુધી વધ્યો છે જેમાં એકલા અમદાવાદમાં જ ૪૫ ટકાથી વધુનો વધારો નોંધાયો છે તે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો કહી ચુકયું છે. કોરોના મહામારીને લીધે ડિજિટલાઈઝેશન વધ્યું છે અને ઓનલાઈન ફાયનાન્શિયલ ટ્રાન્ઝેકશનના સહારે સૌ કોઈ 'કેશલેશ' વ્યવહારો પસંદ કરી રહ્યા છે ત્યારે હવે સરકારની ફરજ બને છે કે સાયબર સિકયુરિટીને અભેદ્ય બનાવે. હવે તો 'ઓટીપી' એટલે કે વનટાઈમ પાસવર્ડ કોઈને કહેવાય નહી તેવી સમજ સામાન્ય માનવી સુધી પહોંચી રહી હોવા છતાં દિન પ્રતિદિન ઓનલાઈન ફ્રોડના ભોગ બનનારની સંખ્યા અને રકમ વધતી જ જઈ રહી છે. એટલું જ નહી આ બાબતે ઘણા નાગરિકો ફરિયાદ નોંધાવતા નથી તેથી આ ગુનાખોરીનો આંકડો સરકારી ચોપડે જે દેકાય છે તેના કરતાં



વધુ મોટો છે પરંતુ જે નાગરિકો ફરિયાદ નોંધાવે છે તેમને તેમના નાણાં પરત મળવામાં પણ હજુ આપણી સાયબર સિકયુરિટી ખૂબ પાછળ છે.

અત્યારે ફિશિંગ ઈમેલ જેમાં તમને કરોડોની લોટરી કે ઈનામ લાગ્યું છે, કોઈએ તમને રાતોરાત વારસદાર બનાવી દીધા છે, તમને મોંઘો ઈમ્પોર્ટેડ ફોન કે લેપટોપ સાવ સસ્તામાં ઓફર કરાયો છે, તમારો નંબર ફલાણી જાણીતી કંપનીના લકી ડ્રોમાં સિલેકટ થયો છે જેવી લોભ-લાલચો ઉપરાંત તમારા ટીડીએસનું રીફંડ આવ્યું છે, તમારો ક્રેડીટ સ્કોર ચેક કરાવી લો, તમારું લોન એકાઉન્ટ બ્લોક થઈ ગયું છે, તમારી રેલવે એરટિકીટ બુક થઈ ગઈ છે, તમને મેડીકલ કાર્ડ ઓફર કરાયુ છે જેવા સહિત ઈન્સ્ટન્ટ લોન એપ્રુવલ, આરટીઓ કિલયરન્સ જેવી અઢળક બાબતો ઉપરાંત સરકારી યોજનાના લાભ ઓફર કરતા ઈમેલ્સનો સહારો લઈને ફ્રોડ આચરવામાં આવી રહ્યો છે. આજ રીતે ફિશિંગ એસએમએસમાં પણ લોભામણી લાલચો અથવા ડરામણી ખોટી નોટીસો ફટકારી સાથે જોડેલ લિંક થકી આવી છેતરપિંડીઓને પાર પાડવામાં આવી રહી છે. હવે તો જુનો સામાન વેચતી કે લગ્ન કરાવી આપી મેટ્રીમોનીઅલ વેબસાઈટ થકી પણ આ ગુનાખોરી આકાર પામી રહી છે. આ સાથે સોશિયલ મિડીયા પર 'ડિફેન્સ, આર્મી, નેવી કે એરફોર્સના અધિકારી હોવાની ખોટી ઓળખ આપીને બદલી થઈ હોવાથી સસ્તામાં કાર કે ઘરસામાન વેચવાની લાલચ આપીને નાગરિકોને ચીટર ગેંગ ફસાવતી રહે છે. આ ઉપરાંત જે મોબાઈલ હાથવગો છે તેના પર યુપીઆઈ પેમેન્ટની ફેસિલીટી આપતી એપમાં નાણાં સામેથી માંગવાની રિકવેસ્ટ મોકલીને ભલા ભોળા માનવીને જાળમાં ફસાવી લેવામાં આવી રહ્યા છે. આટલું ઓછું હોય તેમ ડેટાનો વેપાર કરતા 'મર્ચન્ટ' પોતે યેનકેન પ્રકારે એકઠો કરેલો ડેટા સારી કંપનીઓ સાથે ખોટા લે ભાગુઓને પણ વેચીને નવા શિકાર શોધી આપવામાં મદદરૂપ થઈ રહ્યા છે. મતલબ કે હવે મોબાઈલ ફોન જ એટલા 'સ્માર્ટ' થઈ ગયા છે કે તમને 'ખાલી' કરી નાંખે તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

દરરોજ જયાં અસંખ્ય નાગરિકો ઓનલાઈન ફ્રોડનો ભોગ બની રહ્યા છે ત્યારે હજુ પણ સ્થાનિક પોલીસ સ્ટેશન કક્ષાએ જો પિડીત ફરિયાદ કરવા જાય તો તેને સમજવાની ક્ષમતા પોલીસ કર્મીઓમાં જોવા નથી મળતી તેમની મોટે ભાગે 'આમાં તમારી જ ભૂલ હશે એમાં અમે શું કરીએ?' જેવા જવાબો સાથે ફરિયાદ લેવાનું પણ ટાળવામાં આવતું હોય છે અને જો ફરિયાદ લેવાઈપણ જાય તો પણ પિડીતને તેના નાણાં પરત મળશે કે નહીં અથવા કયારે, કેટલા સમયમાં મળશે તે તો ભગવાન જાણે... હવે જયારે ડિજિટલાઈઝેશનના સહારે કેશલેસ ઈકોનોમી તરફ આગળ વધવું જ છે તો નાગરિકોને આ સિકયુરિટી તો સબળ રીતે પુરી પાડવી જ પડશે તે સરકારે ઝડપથી સુનિશ્ચિત કરવું પડશે અને ત્યાં સુધી આપણે આપણી સાવચેતીને જ શસ્ત્ર બનાવી આપણા પરસેવાની કમાણી લુંટાતા બચાવવી પડશે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gamil.com

## જન્મદિને વધામણી



**નરેશ આર શાહ**
ટ્રસ્ટી, આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૨ ૯૮૨૮૮



**અર્જુનસિંહ પ્રતાપસિંહ વાઘેલા**
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**હર્ષિલ વ્યાસ**
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**ઈન્દ્રવદન સી પંડ્યા**
રાજ્યપાલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડી
મો. ૯૯૨૪૧ ૧૫૨૫૪



**અનાયા એલ્ડન ક્રિશ્ચિયન**
મો. ૯૮૯૮૩ ૨૮૪૭૦

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ચાવડા કમળાબેન માનસિંહ** ઉ.વ. ૭૦, મકાખાડ, તા.માણસા
- **સ્વ. રબારી લીલાભાઈ નાથુભાઈ** ઉ.વ. ૭૩, મુ. દશેલા
- **સ્વ. ભટ્ટ રાજેન્દ્રપ્રસાદ કનૈયાલાલ** ઉ.વ. ૬૩, સેકટર-૫
- **સ્વ. વાઘેલા આત્મારામ મુળજીભાઈ** ઉ.વ. ૬૮, પાલજ નવાગામ
- **સ્વ. સરોજપ્રસાદ** ઉ.વ. ૮૭, સેકટર-૨